GJGS020027582022

**-: રે. દિ. મુ. નં. ૧૯૧/૨૦૨૨ ના કામે આંક-૦૫ લગત હુકમ :-**

(૦૧) અરજી વંચાણે લીધી, વાદીઓ અને પ્રતિવાદીઓનાં વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. કેસનું રેકર્ડ જોયું, વાદીઓ તરફે હાલની અરજી વચગાળાનાં તબકકે મનાઈહુકમ મેળવવા માટે દાખલ કરેલી છે.

(૦૨) આ કામે વાદીઓએ દાવા સાથે સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર-૩૯ રૂલ-૧, ૨ તથા કલમ-૧૫૧ તથા અન્વયે વચગાળાનો મનાઈ હુકમ માટે અરજી કરેલી છે. જે અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ વિજ્ઞાપન તેમજ પાર્ટીશન અને દસ્તાવેજ કરવાનો દાવો કરેલ છે, જે દાવો ગતિમાં છે. દાવો ચાલતા ઘણો લાંબો સમય થાય તેમ છે. જેથી હાલની આંક-૫ હેઠળની અરજી લાવેલ છે. વાદીઓએ દાખલ કરેલ દાવો અને આ મનાઈ હુકમની અરજીની વિગતો, હકીકતો અને મજકૂરો સરખા અને સમાન હોય તેનું પુનરાવર્તન ન કરતા આ આંક-૫ ની અરજીના આખરી નિર્ણય વખતે દાવાની તમામ હકીકતો, વિગતો અને મજકુરોને ધ્યાને લેવા અરજ છે. વાદીઓનો પ્રથમ દર્શનીય અને મજબુત કેસ છે, માંગ્યા મુજબ મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદીઓને કોઈ જ નુકશાન થાય તેમ નથી. તેમજ અગવડતા અને સગવડતાનો સિધ્ધાંત વાદીઓની તરફેણમાં છે. માગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીઓના તમામ હકક, અધિકારો ઉપર તરાપ પડે તેમ છે અને જેના કારણે વાદીઓને નાણાંમાં ન વાળી શકાય તેવું નુકશાન થાય તેમ છે. તેમજ મનાઈ હુકમ ન મળવાથી

વાદીઓ રસ્તા ઉપર આવી જાય તેમ છે. તેથી વાદીઓને લીગલ ઈન્જરી થાય તેમ છે, જયારે પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી. ઉપરની સમગ્ર હકીકતે આ વચગાળા નો મનાઈ હુકમની અરજી લાવી દાદ માગેલ છે કે, (એ) સુત્રાપાડા તાલુકાના ગોરખમઢી મુકામે આવેલ રે. સ. નં. ૬૯ સ. નં. ૧૬/પૈકી૧/પૈકી ૧/પૈકી ૧ ક્ષેત્રફળ હે. આરે. ચો.મી. ૦૩–૦૧–૪૬ વાળી જમીનમાં વાદીનો ૧/૨ હકક, હિસ્સો થાય છે તે વાદીઓને તેઓના હિસ્સાની જમીનનો કબજો આ કામના પ્રતિવાદી નં. ૧, ૨ વાદીઓને સોંપી આપે તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ છે તથા (બી) સુત્રાપાડા તાલુકાના નવાગામ મુકામે આવેલ ખાતા નં. ૩૦, રે. સર્વે નં. ૧૪/૨ ક્ષેત્રફળ હે. આરે. ચો.મી. ૦–૧ ૦–૧૨, સ. નં. ૨૦૨/પૈકી–૨ ક્ષેત્રફળ હે. આરે. ચો.મી. ૦–૪૦–૪૭, સ. નં. ૨૦૩ ક્ષેત્રફળ હે. આરે. ચો.મી. ૨–૬૪–૬ તથા સ. નં. ૨૦૮ ક્ષેત્રફળ હે. આરે. ૧–૪૭–૭૧ કુલ ક્ષેત્રફળ હે. આરે. ચો. મી. ૪–૬૨–૩૬ વાળી જમીનમાં પણ વાદીનો ૧/૨ હિસ્સો આ કામના પ્રતિવાદી નં. ૧, ૨ વાદીઓને સોંપી આપે તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ છે તથા (સી) સુત્રાપાડા તાલુકાના નવાગામ મુકામે આવેલ જમીન રે. સર્વે નં. ૧૬/પૈકી૧/પૈકી૧/પૈકી ૧ ક્ષેત્રફળ હે. આરે. ૩–૦૧–૪૬ વાળી જમીન તથા સર્વે નં. ૧૪/૨, સર્વે નં. ૨૦૨/પૈકી ૨, સર્વે નં. ૨૦૩, સર્વે નં. ૨૦૮, સર્વે નં. ૨૦૭ પૈકી તમામ જમીનમાં આ કામના પ્રતિવાદી નં. ૧ વાદીઓના નામની વારસાઈ નોંધ પાડી અને પ્રમાણિત કરી આપે તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવા તેમજ (ડી) સુત્રાપાડા તાલુકાના ગોરખમઢી અને નવાગામ મુકામે આવેલ ઉપરોકત દાવા અરજી પારા–૧ તથા ૪ માં જણાવેલ સર્વે નંબરોવાળી જમીનો આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૯ અન્ય કોઈ ત્રાહેત પાર્ટીને વેચાણ, ગીરો, બક્ષીસ, વીલ કે વસીયતથી અન્ય રીતે ટ્રાન્સફર ન કરી દે તેવો પણ વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ છે તથા (ઈ) આ અરજીના અનુસંધાને મળી શકતી સઘળી અને વિશેષ દાદ અપાવવા અરજ છે.

(૦૩) આ કામે પ્રતિવાદી નં. ૧ ને નોટીસ બજી જવા છતાં પ્રતિવાદી નં. ૧ તરફે કોઈ હાજર રહેલ ન હોય પ્રતિવાદી નં. ૧ નો વાંધા જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૦૪) આ કામનાં પ્રતિવાદી નં. ૦૨ થી ૨૦ તરફે આંક–૧૮ થી લેખિત વાંધા જવાબ રજૂ કરવામાં આવેલ છે. જેમાં પ્રતિવાદીઓ તરફે એવી રજૂઆત કરેલી છે કે, વાદીઓની મનાઈ હુકમની અરજી ખરી તેમજ કાયદેસર સ્વરૂપની ન હોય વાદીઓની મનાઈ હુકમ મેળવવાની અરજી માહેના તમામ કથનોના ખરાપણાનો સર્વાંશે ઈન્કાર કરવામાં આવે છે. વાદીની મનાઈ હુકમ મેળવવાની અરજી સામેના આ જવાબમાં જયાં જયાં સ્પષ્ટપણે કબૂલ કરેલ હોય તે સિવાય વાદીની મનાઈ હુકમ મેળવવાની અરજી માહેના તમામ કથનોના ખરાપણાનો સર્વાંશે ઈન્કાર કરવામાં આવે છે. વાદીઓએ યોગ્ય કોર્ટ ફી સાથે દાવો દાખલ કરેલ ન હોય જેથી પણ વાદીઓનો દાવો રદ થવા પાત્ર છે. વાદીઓના દાવાને મુદતનો સ્પષ્ટ બાધ નડે છે. જેથી પણ વાદીઓનો દાવો પ્રથમ દર્શનીય રીતે રદ થવા પાત્ર છે. તે સિવાય વાદીઓની મનાઈ હુકમની અરજીનો પારાવાઈઝ ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે, સુત્રાપાડા તાલુકાના નવાગામની સીમમાં આવેલ ખેતી ની જમીનો હકક પત્રક નોંધ નં. ૧૦૫ ની વિગતે ભીખા, સરમણ તથા અરજણ પાલાના સંયુકત ખેડખાતે ખેતીની જમીનો આવેલ હતી. તેમણે ભાઈઓ વચ્ચે ઘરમેળે વહેંચણી થતાં હકકપત્રક નોંધ નં. ૨૫૧ થી કોળી ભીખા પાલાના ભાગે સર્વે નં. ૧૫/૪, સ. નં. ૬૭ તથા સ. નં. ૧૯૮ વાળી ખેતીની જમીનો તેમના ભાગે ગયેલ અને સ. નં. ૧૮/૫, ૧૬/૧, ૧૮૯ તથા ૨૦૮ વાળી જમીનો કોળી અરજણ પાલાના ભાગે ગયેલ તથા સ. નં. ૭૯ વાળી જમીન કોળી સરમણ પાલના ભાગે ગયેલ, આ વહેચણી સને–૧૯૭૦ માં કરવામાં આવેલ અને તે નોંધ સને–૧૯૭૦ માં પ્રમાણિત થયેલ છે, ત્યારબાદ અરજણ પાલાના ભાગે આવેલ જમીન તેમણે તેમની હૈયાતીમાં તેમના પુત્રોના નામે કરી આપેલ. જે

નોંધ તા. ૦૩/૦૬/૧૯૮૪ ના રોજ દાખલ થયેલ છે, જે તા. ૦૪/૦૭/૧૯૮૪ ના રોજ પ્રમાણિત થયેલ છે.વાદી નં. ૧ ના પિતા કરશન અરજણનું નામ તેમના પિતાએ નવાગામ સ. નં. ૨૦૭ પૈકી-૧ વાળી જમીનમાં દાખલ કરાવેલ છે જે અંગે હકકપત્રક નોંધ નં.૧૩૪૭ થી દાખલ કરવામાં આવેલ. આમ, વાદીઓના પિતા કરશન અરજણ અને તેમના ભાઈઓ વચ્ચે જે તે વખતે ભાગ થયેલા તેમાં નવાગામના રે. સ. નં. ૨૦૭/પૈકી ૧ વાળી જમીન તેમના ભાગે ગયેલ તેને આજે ઘણા વર્ષો થઈ ગયેલા છે. તેમજ સ. નં. ૨૦૭ પૈકી એ. ૦-૩૨ ગુ. વાળી જમીન કરશન અરજણે પોતાની સ્વપાર્જીત કમાણીમાંથી રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૪૪૬૧ થી તા. ૧૦/૧૨/૧૯૯૭ ના રોજ ખરીદ કરેલ છે જે અંગે હકકપત્રક નોંધ નં. ૫૪૧ થી નોંધ પ્રમાણિત થયેલ છે અને આ મિલકત વાદી નં. ૨ ની સ્વપાર્જીત મિલકત છે. તેમજ ગોરખમઢી ગામના સ. નં. ૧૬ તથા ૩૧ વાળી જમીનો કોળી ભીખા, સરમણ તથા અરજણ પાલાના સંયુકત ખેડખાતે જમીનો આવેલ હતી તે પૈકી કોળી અરજણ પાલા ગુજરી જતાં વારસાઈ નોંધ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ સ. નં. ૧૬ પૈકીવાળી જમીન હકકપત્રક નોંધ નં. ૨૭૨૪ થી કરશન અરજણના ખાતે થતાં તેમણે આ જમીન પૈસાની જરૂરીયાત હોય સદર જમીન રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૪૯૨ થી તા. ૦૭/૦૭/૨૦૨૨ ના રોજ પ્રતિવાદી નં. ૪ ને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરેલ છે. આમ, કરશન અરજણના ભાગે આવેલ જમીન તેમણે વેચી નાખેલ છે. તેમજ ગોરખમઢી ગામના રે. સ. નં. ૨૦૮, હે. ૧-૪૭-૭૧ વાળી ખેતીની જમીન પ્રતિવાદી નં. ૨ નાએ વાદી નં. ૧ નાને તેમનો થતો ચુકતે હકક, હિસ્સો આપી દીધેલ છે. જેમાં આ કામના વાદીઓ ખેતી કરે છે, પરંતુ રેવન્યુ દફતરે નોંધ દાખલ કરાવવાની બાકી રહી ગયેલ છે, દાવાવાળી ખેતીની જમીનોમાં વાદીઓનો કોઈપણ જાતનો હકક, હિસ્સો રહેતો નથી. દાવાવાળી ખેતી ની જમીનો કાયદા મુજબ વડીલોપાર્જીત નહીં, પરંતુ સ્વપાર્જીત ગણી શકાય. કારણ કે, વાદીઓના જન્મ પહેલા દાવાવાળી જમીનોની વહેચણી કોળી ભીખા પાલા,અરજણ પાલા તથા સરમણ પાલા વિગેરે વચ્ચે વહેચણી થઈ ગયેલ હતી અને સંયુકત જમીનો પૈકી

અરજણ પાલાની જમીન તેમના પુત્ર કરશન અરજણ તથા ડાયા અરજણના નામે કરી આપેલ.આમ, સદર જમીનો વડીલોપાર્જીત નહીં, પરંતુ સ્વપાર્જીત છે અને તેમાં વાદીઓનો કોઈપણ જાતનો હકક, હિસ્સો થતો નથી અને વાદી નં. ૧ ના ભાગની જમીન તેમને આપી દીધેલ છે અને તેનો કબજો પણ વાદીઓ પાસે છે. આમ, વાદીઓએ હેરાન પરેશાન કરવા ખોટી રીતે હાલનો દાવો દાખલ કરી વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની અરજી દાખલ કરેલ છે. જેથી વાદીઓની વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની અરજી ખર્ચ સહિત રદ કરવા અને પ્રતિવાદીઓને સ્પેશ્યલ કોસ્ટ અપાવવા હુકમ ફરમાવવા અરજ છે.

**(૦૫)** આ કામે વાદીઓ તરફે આંક–૨૧ થી રીજોઈન્ડર એફીડેવીટ રજૂ કરવામાં આવેલ છે.

**(૦૬)** આ કામે વાદીઓ તરફે વિ.વ.શ્રીએ આંક–૨૩ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જે વંચાણે લીધી.

**(૦૭)** આ કામે પ્રતિવાદી નં. ૧ તરફે દલીલ કરવા કોઈ હાજર રહેલ નથી.

**(૦૮)** આ કામે પ્રતિવાદી નં. ૨ થી ૧૦ તરફે વિ.વ.શ્રીએ આંક–૨૪ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જે વંચાણે લીધી.

**(૦૯)** હાલની અરજીનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓનાં લાભમાં છે?

(૩) જો મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાનો સંભવ છે?

(૪) શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) '' નકારમાં '',

(૨) '' નકારમાં '',

(૩) '' નકારમાં '',

(૪) આખરી હુકમ મુજબ.

**(૧૧)** ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

## **–: કા ર ણો :–**

**મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા:–**

**(૧૨)** સદર અરજીનાં કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે સીધી રીતે સંકળાયેલા હોય સરળતા ખાતર તે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૨.૧)** એ સર્વવિદિત બાબત છે કે, સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ ની વચગાળાની મનાઈ અરજીનાં નિર્ણય માટે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત

થયેલ સિધ્ધાંતો મુજબ મનાઈ હુકમ જેવી ઈકવીટેબલ દાદ મંજૂર કરવાની હોય ત્યારે કોર્ટે મુખ્યત્વે ત્રણ પાસાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે જેમાં (૧) પ્રાઈમાફેસી કેસ, (૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને (૩) ઈરરીપેરેબલ લોસ, આ મુખ્ય ત્રણ બાબત અદાલતે લક્ષમાં લેવાની છે, કારણ કે માંગવામાં આવેલી દાદ એ ઈકવીટેબલ એટલે કે સમન્યાયની દાદ છે.

**(૧૨.૨)** મનાઈ અરજીની દાદ એ ઈકવીટેબલ દાદ છે અને આવી સમન્યાયની દાદ તેને જ મળી શકે જે સમન્યાયનું આચરણ કરે. ઉપરાંત જે સમન્યાયની દાદ મેળવવા આવતા હોય તેણે ચોખ્ખા હાથે આવવું જોઈએ તથા કોઈ હકીકતો છુપાવવી જોઈએ નહિં, તેવો પણ સિધ્ધાંત છે અને કોર્ટ આવી મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે પક્ષકારોનું આચરણ પણ ધ્યાને લેતી હોય છે. જો કોઈ વ્યકિત સમન્યાયની દાદ લેવા આવે અને કોઈ મહત્વની હકીકત છુપાવે તો તેવા સંજોગોમાં કોર્ટ મનાઈ હુકમ જેવી દાદ આપે નહિં.

**(૧૨.૩)** ઉપરોકત રીતે સમન્યાયનું આચરણ કરીને આવેલો વ્યકિત જયારે પ્રથમ દર્શનીય રીતે પોતાની હકીકત બતાવે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ તેને થઈ રહયો છે તેવું બતાવે ત્યારે મનાઈ હુકમ જેવી દાદ મેળવવા હકકદાર બને.

**(૧૨.૪)** અહિં હાથ પરનાં કેસમાં પોતાનો પ્રથમદર્શનીય કેસ બતાવવા માટે વાદીઓએ મુખ્યત્વે આંક–૦૩ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ છે. જેમાં નિ–૩/૧ થી નવાગામ ગામના ખેડખાતા નં. ૩૦ ના ગામ નમુના નં. ૮/અ ની ખરી નકલ, નિ–૩/૨ થી નવગાગામ ગામના ખેડખાતા નં. ૩૦૬ ના ગામ નમુના નં. ૮/અ ની ખરી નકલ, નિ–૩/૩ થી ગામ નમુના નં. ૬ હકકપત્રક નોંધ નં. ૧૦૭૦ ની ખરી નકલ, નિ–૩/૪ થી ગામ નમુના નં. ૬ હકકપત્રક નોંધ નં. ૧૦૭૧ ની ખરી નકલ, નિ–૩/૫ થી નવગાગામ ગામના ખેડખાતા નં. ૩૦૬ ના ગામ નમુના નં. ૮/અ ની ખરી નકલ, નિ–

૩/૬ થી ગોરખમઢી ગામ રે. સ. નં. ૧૬/પૈકી ૧/પૈકી ૧/પૈકી ૧ ના ગામ નમુના નં. ૭ ની ખરી નકલ, નિ–૩/૭ થી ગંગાબેન ડો/ઓ કરશનભાઈ ચુડાસમા તે વા/ઓ કલ્પેશભાઈ ડાકીના સોગંદનામાની ખરી નકલ, નિ–૩/૮ થી જાહીબેન ડો/ઓ કરશનભાઈ ચુડાસમા તે વા/ઓ પ્રવિણભાઈ વાજાના સોગંદનામાની ખરી નકલ, નિ–૩/૯ થી હિનાબેન ડો/ઓ કરશનભાઈ ચુડાસમા તે વા/ઓ અજયભાઈ બાંભણીયાના સોગંદનામાની ખરી નકલ, નિ–૩/૧૦ થી વર્ષાબેન ડો/ઓ કરશનભાઈ ચુડાસમા તે વા/ઓ ભરતભાઈ બામણીયાના સોગંદનામાની ખરી નકલ, નિ–૩/૧૧ થી દૂધીબેન ડો/ઓ કરશનભાઈ ચુડાસમા તે વા/ઓ બાબુભાઈ રાઠોડના સોગંદનામાની ખરી નકલ તથા નિ–૩/૧૨ થી કંચનબેન ડો/ઓ કરશનભાઈ ચુડાસમા તે વા/ઓ રમેશભાઈ વાજાના સોગંદનામાની ખરી નકલ રજૂ કરેલ છે. આ કામે વાદીઓ તરફે દાવામાં માગવામાં આવેલ દાદ તથા વચગાળાની મનાઈ હુકમની અરજીમાં માગવામાં આવેલ દાદ જોવામાં આવે તો વાદીઓએ દાવામાં તથા વચગાળાની મનાઈ હુકમની અરજી બંનેમાં એ જ પ્રકાર ની અને એક જ સરખી દાદ વાદીઓ દ્વારા માગવામાં આવેલ છે. આમ, જો વાદીઓને હાલના તબકકે વાદીઓએ વચગાળાની મનાઈ હુકમની અરજીમાં માગવામાં આવેલ દાદ મંજૂર કરવામાં આવે તો વાદીઓએ દાવામાં માગેલ આખરી દાદ પણ મંજૂર થઈ જાય તેવા સંજોગો ઉત્પન્ન થાય તેમ છે અને વચગાળાના તબકકે માગેલ દાદ મંજૂર થવાના પરીણામે દાવાનો આખરી નિર્ણય પણ થઈ જાય તેમ હોય જેથી વાદીઓએ વચગાળાના તબકકે માગેલ દાદ મંજૂર કરી શકાય તેમ નથી. આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના અનેક ચુકાદાઓમાં વચગાળાની મનાઈ હુકમની અરજીના તબકકે દાવાની આખરી દાદ મંજૂર કરી શકાય નહીં તેવું પ્રસ્થાપિત કરેલ છે, ત્યારે હાલની વાદીઓની દાવા અરજીની હકીકત ધ્યાને લેવામાં આવે તો વાદીઓએ દાવા અરજીમાં જે દાદ માગેલ છે તે જ દાદ વાદીઓએ હાલની વચગાળાની મનાઈ હુકમની અરજીમાં વચગાળાના તબકકે આપવા માટે અરજ કરેલ છે, ત્યારે વાદીઓની હાલની અરજીની દાદ

મંજૂર કરવામાં આવે તો દાવાની દાદ વચગાળાની મનાઈ હુકમની અરજીના તબકકે મંજૂર થઈ જાય તેમ છે તે સંજોગોમાં વાદીઓને વચગાળાના મનાઈ હુકમની અરજીમાં માગ્યા મુજબની દાદ હાલના તબકકે મળી શકે નહીં. આમ, આ કામે વાદીઓની હાલની અરજી તથા રજૂઆત ધ્યાને લેતાં આ કામે વાદીઓ પોતાનો કેસ પ્રથમદર્શનીય કેસ હોવાનું પુરવાર કરી શકેલ નથી અને સગવડતા–અગવડતાની સમતુલા પણ પોતાની તરફેણમાં હોવાનું બતાવી શકેલ નથી અને નાણાંમાં નુકશાન થઈ શકે તેવું બતાવી શકેલ ન હોય તે સંજોગો માં વાદીઓને માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવો ન્યાયોચિત જણાતું ન હોય, મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ '' **નકારમાં** '' આપું છું અને મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

## –:: આખરી હુકમ ::–

- વાદીઓની **આંક–૫** ની વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી '' **નામંજૂર** '' કરવાનો હુકમ કરવામાં આવે છે.

- ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તા. ૦૩[જી], માહે–મે, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ : ૦૩/૦૫/૨૦૨૪

(અલારખા અલીભાઈ રૂંઝા)
એડી. સિનિયર સિવિલ જજ,
મુ. વેરાવળ.
(કોડ નં. જીજે૦૧૧૫૦)